# શ્રીમદ્ રાજચન્દ્ર રચિત 'તત્વજ્ઞાન' ગ્રંથમાંથી ફલિત થતા શૈક્ષણિક વિચારોનો અભ્યાસ

પ્રા.પ્રભાતભાઈ એમ. કાસરા
સરસ્વતી કોલેજ ઓફ એજ્યુકેશન, વિરાવાડા

## ૧. પ્રસ્તાવના

શિક્ષણના વિકાસમાં તત્વચિંતકોનો ફાળો માનવ સંસ્કૃતિની શરૂઆતથી જ છે. ત ત્ત્વચિંતક એક સંશોધક છે. તવજ્ઞાન અને શિક્ષણ વચ્ચે મહત્વની કડીરૂપ છે.તેમનું યોગદાન અમૂલ્ય છે.તેમણે રૂઢિગત સમાજમાં વૈચારિક ક્રાંતિ આણી અને જડ થઈ ગયેલા મૂલ્યોમાં પરિવર્તન લાવવામાં સફળતા મેળવી જેથી તેઓ ચિંતક તરીકે ઓળખાયા, તત્વચિંતક રવિન્દ્રનાથ ટાગોર,ગાંધીજી,મહર્ષિ અરવિંદ, રાધાકૃષ્ણન્, સ્વામી વિવેકાનંદ, દયાનંદ સરસ્વતી વગેરે વિભૂતિઓએ માનવકલ્યાણ માટે વિવિધ પ્રકારે તપસ્યા કરી માનવતાને ઢંઢોળવાનું અને સમાજમાં પરિવર્તન આણવાનું કાર્ય કર્યું છે. તે જ પ્રકારે શ્રીમદ્ રાજચન્દ્રે પણ પ્રત્યક્ષ રીતે નહી પણ પરોક્ષ રીતે તેમણે સ્ત્રી કેળવણી, વિદ્યા પ્રાપ્તિ, પુરુષાર્થ, દાન, સત્ય, અહિંસા, સજ્જન, ગુરુ, ધાર્મિક સ્થાનો, વિદ્યાસ્થાનો, નીતિ જ્ઞાન સંબંધિત વિચારો, ગૃહસ્થ, કુમારી, વિધવા સ્ત્રી, સ્ત્રી–પુરુષનો સદ્માર્ગી વ્યવહાર વગેરેનું સૂત્રાત્મક અને ઉપદેશાત્મક શૈલીમાં પોતાના ગ્રંથોમાં આલેખન કર્યું છે.

## ૨.અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધન વિષયને માટે સંશોધકે નીચેના હેતુઓ નિર્ધારિત કર્યા હતા.

૧.શ્રીમદ્ રાજચન્દ્રના 'તત્વજ્ઞાન' ગ્રંથમાં વ્યકત થયેલા શૈક્ષણિક વિચારોનો અભ્યાસ કરવો.
૨.શ્રીમદ્ રાજચન્દ્રના જીવનકાર્ય વિશે માહિતી મેળવવી.
૩.શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિક્ષણના ઉદ્દેશોની જાણકારી મેળવવી.
૪.શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિક્ષણ, શિક્ષક, વિદ્યાર્થી, શિક્ષણપધ્ધતિને લગતા વિચારોનો અભ્યાસ કરવો.
૫.શ્રીમદ્ રાજચન્દ્રના મતે સ્ત્રી શિક્ષણ, ધાર્મિક શિક્ષણ, સામાજિક શિક્ષણ, મૂલ્ય શિક્ષણ અને નૈતિક શિક્ષણની બાબતોને લગતા વિચારોનો અભયાસ કરવો.
૬.શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિસ્ત અને આરોગ્ય શિક્ષણનો અભ્યાસ કરવો.

## ૩. સંશોધનના પ્રશ્નો

૧.શ્રીમદ્ રાજચન્દ્રના 'તત્વજ્ઞાન' ગ્રંથમા વ્યકત થયેલા વિચારો શિક્ષણ ક્ષેત્રને સ્પર્શે છે કે કેમ?
૨.શ્રીમદ્ રાજચન્દ્ર શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં કેવો અભિગમ ધરાવે છે?
૩.શ્રીમદ્ રાજચન્દ્રના વિચારોમાં શિક્ષણના હેતુઓ કેટલા અંશે સ્પષ્ટ થાય છે?
૪.શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિક્ષણ, શિક્ષક, વિદ્યાર્થી, શિક્ષણની પદ્ધતિ કેવી હોવી જોઈએ?
૫.શ્રીમદ્ રાજચન્દ્રના મતે સામાજિક,વ્યાવસાયિક શિક્ષણ કેવું હોવું જોઈએ?
૬.શ્રીમદ્ રાજચન્દ્ર સ્ત્રીશિક્ષણને કેટલુ પ્રાધાન્ય આપે છે?
૭.શ્રીમદ્ રાજચન્દ્ર શિસ્ત,સ્વાસ્થ્ય, શિક્ષણને પ્રાધાન્ય આપે છે કે કેમ?

## ૪.સંશોધનનું ક્ષેત્ર

શિક્ષણમાં સંશોધન હાથ ધરવા માટે પસંદગીનાં ક્ષેત્રો ઘણાં છે.સંશોધકે શિક્ષણનું "તત્વજ્ઞાન" એ સંશોધન ક્ષેત્ર પસંદ કર્યું છે.

## ૫. સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધનમાં શ્રીમદ્ રાજચન્દ્રના વિધાનોના વિષયવસ્તુને માહિતીની આધારશીલા તરીકે સ્વીકારેલ છે.આ માહિતી એટલે કે પસંદિત વિષયવસ્તુનું ગુણાત્મક પૃથકકરણ સંશોધકે કરેલ છે. ત્યારબાદ આ સંશોધનનાં પ્રાપ્ત પરિણામોને વર્ણનાત્મક સ્વરૂપમાં રજૂ કરેલ છે. પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સ્વરૂપનું વિષયવસ્તું વિશ્લેષણ છે.

## ૬.વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી:

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શ્રીમદ્ના અનેક ગ્રંથોમાંથી "તત્વજ્ઞાન" કૃતિનું વાંચન કર્યું છે. તત્વજ્ઞાનનું વિષય વસ્તુ બેવિભાગમાં વહેંચાયેલું છે. (૧)ગદ્યવિભાગ અને પદ્ય વિભાગ સંશોધકે 'તત્વજ્ઞાન' પુસ્તકના પ્રથમ ગદ્યવિભાગમાંથી કેટલાક વિધાનો પસંદ કર્યા છે. ગદ્યવિભાગમાં કુલ ૫૩ (ત્રેપન) પાઠ છે. તેમાંથી સંશોધકે માત્ર સાત (૭) પાઠમાંથી કેટલાંક વિધાનો પસંદ કર્યા છે. આ સાત પાઠના કુલ ૧૦૦૮ વિધાનો છે. તેમાંથી સંશોધકે શૈક્ષણિક વિચારોવાળા ૧૨૧ વિધાનો પસંદ કર્યા છે.

## ૭. સંશોધનના ઉપકરણો

ગુણાત્મક સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે મુલાકાત, રૂપકો, સંવાદ, કથા, નોંધપત્રકો જેવાં ઉપકરણો પસંદ કરવામાં આવે છે. અભ્યાસ હેઠળ પ્રાપ્ત થનાર એકમોની નોંધ કરવા નોંધપત્રકોનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો છે.

## ૮. સંશોધન પધ્ધતિ

સંશોધકે વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે.

## ૯. માહિતી એકત્રીકરણ

આ સંશોધનમાં પ્રાથમિક સ્ત્રોત તરીકે સંશોધકે શ્રીમદ્ રાજચન્દ્ર રચિત 'તત્વજ્ઞાન' પુસ્તકનો ઉપયોગ કરેલ છે.સંશોધકે સૌ પ્રથમ 'તત્વજ્ઞાન' પુસ્તકનું વાંચન કર્યુ છે. આ વાંચન દરમ્યાન તેમાં રજૂ થયેલા શિક્ષણનાં વિચારોને સમજીને એકત્રીત કર્યાં છે. સંશોધકે તત્વજ્ઞાન ગ્રંથમાંથી ૫૩ ગદ્યપાઠમાંથી સાત ગદ્યપાઠ લીધાં છે. તે ગદ્યપાઠ ૧ થી ૫, ૭ અને ૨૨ માં નંબરનો (ગદ્યપાઠ) પસંદ કરેલ છે. આમ, કુલ ૭ ગદ્યપાઠ નમૂના રૂપે પસંદ કરેલ છે. તે ગદ્યપાઠનાં શીર્ષક, તેમાં વિધાનોની સંખ્યા અને પસંદ કરેલ વિધાનો નીચે પ્રમાણે છે.

૧.પુષ્પમાળા – જેમાં કુલ ૧૦૮ વિધાન છે. જેમાંથી સંશોધકે ૨૧ વિધાન પસંદ કર્યા છે.
૨.મહાનીતિ – જેમાં કુલ ૭૦૦ વિધાનો છે, જેમાંથી સંશોધકે ૮૪ વિધાન પસંદ કરેલ છે.
૩.બત્રીસયોગ – જેમાં કુલ ૩૨ વિધાન છે, જેમાંથી ૪ (ચાર) વિધાન પસંદ કરેલ છે.
૪.સ્મૃતિમાં રાખવા યોગ્ય – જેમાં કુલ ૧૦ વિધાનો છે, તેમાંથી સંશોધકે ૧ વિધાન પસંદ કરેલ છે.
૫.વચનામૃત – જેમાં ૧૨૬ વિધાન છે, તેમાંથી સંશોધકે ૭ વિધાન પસંદ કરેલ છે.
૬.પ્રમાદને લીધે આત્મા – તેમાં કુલ ૧૩ વિધાન છે, તેમાંથી સંશોધકે ૧ વિધાન પસંદ કર્યુ છે.
૭.સહજ પ્રકૃતિ – તેમાં કુલ ૧૯ વિધાનો છે, તેમાંથી સંશોધકે ૦૩ વિધાન પસંદ કરેલ છે.

આ સાત ગદ્યપાઠના કુલ ૧૦૦૮ વિધાનો છે. જેમાંથી સંશોધકે શિક્ષણને લગતાં કુલ ૧૨૧ વિધાનો પસંદ કર્યાં છે.

**સારણી ૧**

| ક્રમ | ગદ્યક્રમ | ગદ્યપાઠનું શીર્ષક | ગદ્યપાઠમાં કુલ વિધાન | પસંદ કરેલ વિધાન |
|---|---|---|---|---|
| ૧ | ૧ | પુષ્પમાળા | ૧૦૮ | ૨૧ |
| ૨ | ૨ | મહાનીતિ | ૭૦૦ | ૮૪ |
| ૩ | ૩ | બત્રીસ યોગ | ૩૨ | ૦૪ |
| ૪ | ૪ | સ્મૃતિમાં રાખવા યોગ્ય | ૧૦ | ૦૧ |
| ૫ | ૫ | વચનામૃત | ૧૨૬ | ૦૭ |
| ૬ | ૭ | પ્રમાદને લીધે આત્મા | ૧૩ | ૦૧ |
| ૭ | ૨૨ | સહજ પ્રકૃતિ | ૧૯ | ૦૩ |
| | | કુલ..... | ૧૦૦૮ | ૧૨૧ |

"તત્વજ્ઞાન" પુસ્તકમાં શ્રીમદ્દે તત્કાલિન પરિસ્થિતિ અને તેમની અવસ્થાને લીધે કેટલાક વિધાનોનું પુનરાવર્તન કરેલું જણાય છે. તે પુનરાવર્તીત વિધાનો તથા સમાનતાવાળા વિધાનોને બાદ કરીને જે વિધાનો શિક્ષણક્ષેત્રમાં ઉપયોગી નીવડી શકે તેવા વિધાનોની પસંદગી કરી છે. સંશોધકે વિધાનો સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને પસંદ કરીને અલગ તારવ્યાં છે.

## ૧૦.માહિતી પૃથક્કરણ

સાહિત્યના વાંચન અને સંદર્ભો મેળવ્યા બાદ સંશોધકે માર્ગદર્શક અને તજજ્ઞોની પ્રત્યક્ષ (રૂબરૂ) અને પરોક્ષ (ફોન પર) મુલાકાત લીધી હતી. તેમાં તજજ્ઞોના સૂચન પ્રમાણે પસંદિત વિધાનોને સંશોધનના હેતુઓ આધારિત બાર (૧૨) વર્ગોમાં વર્ગીકૃત કર્યા છે. જે વર્ગો આ પ્રમાણે છે.

૧ શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિક્ષણ
૨ શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિક્ષણના હેતુઓ
૩ શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિક્ષક
૪ શ્રીમદ્ રાજચન્દ્રના મતે વિધાર્થી
૫ શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિક્ષણ પધ્ધતિ
૬ શ્રીમદ્ રાજચન્દ્રના મતે ધાર્મિક શિક્ષણ
૭ શ્રીમદ્ રાજચન્દ્રના મતે સામાજિક શિક્ષણ
૮ શ્રીમદ્ રાજચન્દ્રના મતે સ્ત્રી શિક્ષણ
૯ શ્રીમદ્ રાજચન્દ્રના મતે મૂલ્ય શિક્ષણ
૧૦ શ્રીમદ્ રાજચન્દ્રના મતે નૈતિક શિક્ષણ
૧૧. શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિસ્ત
૧૨. શ્રીમદ્ રાજચન્દ્રના મતે સ્વાસ્થ્ય શિક્ષણ

આ અભ્યાસમાં વિશ્લેષણ કરવા માટે સંશોધકે વિષયવસ્તુ(પસંદિત વિધાનો)ને ઉપરોકત પ્રમાણે બાર વર્ગોમાં વર્ગીકરણ કરી, દરેક વિધાનનું અર્થઘટન અને તારણ કાઢેલું છે. તેમાં વર્ગ પ્રમાણે વિધાનોની તારવણી કરેલી છે. ૧૨ વર્ગોમાંથી પ્રથમ વર્ગના બધાં જ વિધાનોનું અર્થઘટન અને તારણ કાઢયાં છે. એમ બારેય વર્ગોનાં વિધાનોનું અર્થઘટન અને તારણ કાઢયું છે. આ અભ્યાસનું ગુણાત્મક પૃથક્કરણ ધ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું છે

## ૧૧. અર્થઘટન

માહિતીનું પૃથક્કરણ કર્યા પછી કેટલાક એકમમાંથી ઘણા સારા શૈક્ષણિક વિચારો પ્રાપ્ત થયા છે. તો કેટલાક એકમમાંથી ઓછા શૈક્ષણિક વિચારો પ્રાપ્ત થયા છે. વિધાનોને એકમ વર્ગોમાં દર્શાવ્યા બાદ તેના આધારે તારણો તારવવામાં આવ્યા છે.

## ૧૨.અભ્યાસનાં તારણો:

શ્રીમદ્દ્ના પુસ્તક 'તત્વજ્ઞાન' માંથી શિક્ષણના સંદર્ભોના અભ્યાસને અંતે મળેલા તારણો આ પ્રમાણે છે.

**(૧) શ્રીમદ્ રાજચન્દ્રના મતે શિક્ષણ :** માણસનું પ્રથમ કર્તવ્ય શિક્ષિત થવું , વિદ્યા સંપત્તિમાં સતત વધારો કરવો,સમાજમાં શિક્ષણનો વ્યાપ ફેલાવવો, સમાજ ઉધ્ધાર માટે શાળાઓ સ્થાપવી.શિક્ષણ ગુણવત્તાવાળું બનાવવું, સાચી કેળવણી પ્રાપ્ત કરવી.આથી એમકહી શકાય કે સમાજમાં શિક્ષણનો ફેલાવો કરીને સમાજ ઉત્કર્ષ કરવો. સમાજમાં માણસોએ શિક્ષણ વિકાસ થાય તે માટેના યોગદાનો આપીને શિક્ષણ સંવર્ધન કરવાની શ્રીમદ્દ્ની દષ્ટિ સ્પષ્ટ જણાય છે.

(૨) **શ્રીમદ્‌ના મતે શિક્ષણના હેતુઓ :** શ્રીમદ્ રાજચન્દ્ર કેળવણીનો હેતુ વ્યકિતનો સર્વાંગીણ અને આત્મકલ્યાણ કરવાનો ગણે છે.કેળવણીનો હેતુ સર્વ ઈન્દ્રીયો પર કાબુ મેળવવો તથા ભ્રામક–મોહક વસ્તુથી પર રહેવાનો ગણાવે છે.આત્મકલ્યાણ એ કેળવણીનો મુખ્ય હેતુ ગણાવે છે. કેળવણીથી આચાર, વિચાર, નૈતિક ગુણો ખીલવવા પર ભાર મૂકે છે.નવીન પરિસ્થિતિ સાથે તાલ મેળવવા કેળવણી ઉપકારક નીવડે છે.શ્રીમદ્ રાજચન્દ્ર ભૌતિક શોધો અને અલૌકિક આત્મકલ્યાણ–આત્માની શોધો કરવાનો મુખ્ય હેતુ ગણે છે. કેળવણીને મુકિત પંથ ગણાવે છે. શ્રીમદ્ રાજચન્દ્ર સમાજમાં મૂલ્યો સ્થાપન કરવા શિક્ષણ જરૂરી ગણાવે છે. કેળવણી દ્વારા સંસ્કાર સિંચન કરવા પર ભાર મૂકે છે. આદર્શ મૂલ્યોનું જતન અને પુનઃસ્થાપન કરવા પર ભાર મૂકે છે. માનવીના ચારીત્ર્ય વિકાસ કરવો, સત્પ્રતિજ્ઞા પાળવી અને પળાવવી, ન્યાય પંથે ચાલવું, સત્યનો સ્વીકાર કરવો વગેરે મૂલ્યનિષ્ઠ વિચારોનો વિકાસ કરવામાં શ્રીમદ્‌રાજચન્દ્ર માને છે.વૈયકિતક ગુણો ખીલવવા પર શ્રીમદ્‌રાજચન્દ્ર કેળવણીને પ્રાધાન્યતા આપે છે શિસ્તપાલન, નિયમિતતા વડીલોનો આદર, માતા–પિતાની આજ્ઞા પાળવી સેવા કરવી વગેરે જેવા ગુણો વિકસાવવા પર ભાર મુકે છે.

(૩) **શ્રીમદ્‌ના મતે શિક્ષક :** શિક્ષક ઉદ્યમી હોય, પુરુષાર્થી હોય, પોતાના વિષયમાં જ્ઞાતા હોય,શિક્ષક ચારિત્ર્યવાન હોય.સત્ય,પ્રિય અને શાંત વચન બોલનાર હોય.શિક્ષક નિયમિત્તા વાળો હોય, સમયનો સદ્‌ઉપયોગ કરનાર હોય, પળપળનો ઉપયોગ કરનાર હોય.ફરજ, પવિત્રતા, મહત્તા અને આરોગ્યની બાબતે નિષ્ઠાવાળો હોય,શિક્ષક પરોપકારી, નિરાભિમાની, પ્રતિબધ્ધ, સમાજ હિતેચ્છું હોય, શિક્ષક મૈત્રી સ્વભાવવાળો હોય,શિક્ષક સત્‌જ્ઞાનનો આરાધક હોય.

(૪) **શ્રીમદ્‌ના મતે વિધાર્થી:** વિધાર્થી નિર્દોષ સ્થિતિવાળો, મૃદુભાષી, વૈરાગી હૃદય વાળો હોય,વિદ્યાર્થી આહાર, વિહાર, નિંદ્રાને વશ કરવા વાળો હોય, વિદ્યાર્થીએ નિયમિત કાર્ય કરવું ,સમભાવ સ્થિતિ રાખવી, વર્તમાન પરિસ્થિતિમાં જ વિચારનાર હોય, વિધાર્થી વ્યસનોથી દૂર રહેનાર હોય,વિદ્યાર્થી સત્‌ગુરુને માન આપી જ્ઞાન પ્રાપ્ત કરનાર હોય.પુરુષાર્થી હોય, યોગાસન, ધ્યાન કરનાર હોય,સમયનો સદ્‌ઉપયોગી હોય,વિદ્યા ઈચ્છું હોય – વિદ્યાનો ભૂખ્યો હોય, ગુરુના નિયમોનું પાલન કરનાર, સ્પષ્ટ વકતા, ક્ષમાવાન,ગુરુની સેવા કરનાર હોય, સતત અધ્યયન કરનાર હોય શકિતનો સદ્‌ઉપયોગી હોય, જ્ઞાનબૃધ્ધિની ઈચ્છાવાળો હોય.આમ, આ વિધાનોમાથી ઉપરોકત પ્રમાણેના તારણો પ્રાપ્ત થાય છે.

(૫) **શ્રીમદ્‌ના મતે શિક્ષણ પધ્ધતિ :** શ્રીમદ્ મનન–ચિંતન પધ્ધતિને પ્રાધાન્ય આપે છે,સતત વિચારવા પ્રેરણા આપે છે,સ્વ–અધ્યયન પધ્ધતિ, મહાવરાને પ્રાધાન્ય આપે છે. શ્રીમદ્ વારંવાર શ્રવણ કરવા જણાવે છે,કથન–ચર્ચા પધ્ધતિને લગતા સંદર્ભો પ્રાપ્ત થાય છે. આ શિક્ષણ પધ્ધતિને લગતા વિધાનોમાંથી સ્વાધ્યાય પધ્ધતિ, મનન–ચિંતન પધ્ધતિ, શ્રવણ પધ્ધતિ, પ્રવચન પધ્ધતિવાળા તારણો પ્રાપ્ત થયેલ છે.

(૬) **શ્રીમદ્‌ના મતે ધાર્મિક શિક્ષણ :** ધર્મનો સ્વીકાર કરવો. સત્ય ધર્મનું અનુશરણ સ્વીકારવું, પ્રેમ રાખવો. ધર્મના મતાંતરોથી દૂર રહેવું. સત્–ધર્મનો પ્રચાર–પ્રસાર કરવો. ધર્મને ટકાવવા માટે આર્થિક રીતે મદદ કરવી, સેવા કરીને મદદ કરવી, પ્રચાર કરીને મદદ કરવી. ધર્માલયોની સ્થાપના કરવી. જેથી ધર્મની આધારના કરી શકાય. ધાર્મિક કાર્યો કરવા. ધર્મ ભકિતમા રત રહેવું.

(૭) **શ્રીમદ્‌ના મતે સામાજિક શિક્ષણ:** માણસે સમાજના દરેક વ્યકિત પ્રત્યે સમભાવ દષ્ટિ રાખવી. સામાજિક કાર્યો પ્રત્યે વફાદારી અને નૈતિકતાથી ફરજ બજાવવી માણસે સમાજના હિતવાળા કાર્યો કરવાં, સમાજના નિયમોથી વિરુધ્ધના કાર્યોથી અટકવું, માતા–પિતા, અતિથિનું સન્માન કરવું, સેવા કરવી,સમાજમાં, કુટુંબમાં, ગામમાં સ્વચ્છતા રાખવી,સમાજમા મનુષ્ય–મનુષ્ય, જાતિ, વર્ણ–જ્ઞાતિમાં ભેદ ન રાખવો. કુટુંબ, સમાજ તથા અન્ય સ્થળે કલેશ રહિત રહેવું. દુઃખી જનોની સેવા કરવી, મદદ કરવી. નિરાશ્રિતોને આશ્રય આપવો. લોક હિતની ભાવના રાખવી. સમાજના કુરિવાજો છોડવા.વૈશ્વિક મૈત્રીભાવ રાખવો.

(૮) **શ્રીમદ્‌ના મતે સ્ત્રી શિક્ષણ :** સ્ત્રીએ પતિવ્રત પાળવું. પિતાએ પુત્રીનો વિવાહ યોગ્ય ઘરે કરવો. સ્ત્રીએ પોતાના કામમાં – સત્‌કર્મમાં, ગૃહશોભામાં, સ્વાધ્યાયમાં રત રહેવું. ગૃહસૌદર્યની વૃધ્ધિ કરવી. પુત્રીને ભણાવવી, શિક્ષિત સ્ત્રીને પરણવું. સ્ત્રીને અભણ ન રાખવી.

(૯) **શ્રીમદ્‌ના મતે મૂલ્ય શિક્ષણ :**સમયનો સદ્‌ઉપયોગ કરવો. કોઈપણ કાર્ય કરતાં વિચારવું – વૈચારિક મૂલ્ય.પર્યાવરણ જાગૃતિ, પર્યાવરણ પ્રેમ, વૃક્ષોનું જતન કરવું. ક્ષમાગુણ અપનાવવો – ક્ષમાનું મૂલ્ય, દયાનું મૂલ્ય. સુખ દુઃખમાં સમાનતાની ભાવના રાખવી,માનવતાનું મૂલ્ય, પરોપકારનું મૂલ્ય. સર્વધર્મ સમભાવની ભાવના રાખવી–ધર્મનું મૂલ્ય.

(૧૦) **શ્રીમદ્‌ના મતે નૈતિક શિક્ષણ :** માણસે સમાજના દરેક વ્યકિત સાથે ન્યાય રીતે વર્તવું.માણસે નૈતિકતા છોડવી નહી. અનીતિ ન કરવી. પ્રતિજ્ઞા તોડવી નહીં. ન્યાય માટે ગમે તેટલો લાભ હોય તો પણ છોડવો. વૃત્તિ પર કાબુ મેળવવો. નીતિ વિરુધ્ધ કાર્ય ન કરવું. ભેળસેળ ન કરવી. સત્યમાર્ગે ચાલવું.

(૧૧) **શ્રીમદ્‌ના મતે શિસ્ત :** લાગણી દુભાય તેવું કટુ–વચન ન બોલવું. શિસ્ત પાળવી.બોલવામાં સભાનતા રાખવી. પ્રિય બોલવું. વિનયી વિવેકી બનવું.પ્રાયશ્ચિત કરીને દોષ મુકિત કરવી.મહાપુરુષોનો આદર સત્કાર કરવો.વિનય કરવા યોગ્ય પુરુષોનો વિનય કરવો.સ્વયં શિસ્ત અપનાવવી.

(૧૨) **શ્રીમદ્‌ના મતે સ્વાસ્થ્ય શિક્ષણ :** વ્યસનનો ત્યાગ કરવો.નવા વ્યસન અપનાવવા નહી. વધુ પડતું ઔષધનું સેવન કરવું નહી.નિયમિત કસરત કરવી, યોગાસનનો કરવા.સ્વાસ્થ્ય જાળવવા કેટલાક નિયમો પાળવાં. માંદગીમાં આહાર, વિહાર, સ્નાન ન કરવાં.ભોજન બાબતે મન પર કંટ્રોલ રાખવો. શારીરિક સ્વાસ્થ્ય જાળવવા સાદુ અને અલ્પ ભોજન કરવું. રોગ થયા તેવો આહાર ન કરવો.આમ, સ્વાસ્થ્ય શિક્ષણને લગતા વિધાનોમાંથી ઉપરોકત પ્રમાણેના તારણો પ્રાપ્ત થાય છે.

## સંદર્ભ સૂચિ


- ઉચાટ, ડી.એ.(૨૦૦૯).શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમા સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ : સાહિત્યમુદ્રણાલય, પ્રા.લિ .
- દવે, જયેન્દ્ર શાસ્ત્રી(૧૯૮૩). શિક્ષણના તાત્વિક આધારો.(પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિમાર્ણ બોર્ડ
- દેસાઈ, કે.જી. અને શાહ,આર.પી. (૧૯૮૪). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ–ગુજરાત રાજય.
- દેસાઈ, એચ.જી.અને અન્ય (૧૯૯૭). શૈક્ષણિક પધ્ધતિઓ અને પ્રવિધિઓ (છઠ્ઠી આવૃત્તિ).અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
- મહેતા, શ્રીમદ્‌ રાજચન્દ્ર (૧૯૯૭). સુબોધ સંગ્રહ.(ત્રીજી આવૃત્તિ) અગાસ : શ્રીમદ્‌ રાજચન્દ્ર આશ્રમ.
- મહેતા, શ્રીમદ્‌ રાજચન્દ્ર(૨૦૦૯). તત્વજ્ઞાન. (ત્રેવીસમી આવૃત્તિ) અગાસ : શ્રીમદ્‌ રાજચન્દ્ર આશ્રમ.
- શ્રીમદ્‌ રાજચન્દ્ર આશ્રમ(સં) (૨૦૦૯). શ્રીમદ્‌ રાજચન્દ્ર.(નવમી આવૃત્તિ) અગાસ
- શાહ, દિપિકા ભદ્રેશ (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન,(પ્રથમ આવૃત્તિ) અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ–ગુજરાત રાજય.